# 4 કુટુંબના પ્રકારો

**કુટુંબ :** માણસે તેની વિકાસયાત્રામાં વિવિધ પ્રકારનાં જૂથોની રચના કરી હતી. જે પ્રાથમિક જૂથો રચાયાં હતાં તેનું ઉત્તમ ઉદાહરણ કુટુંબ છે. કુટુંબ ઘણા નજીકના ગાઢ સંબંધો પર રચાયેલું જૂથ છે. કુટુંબના સભ્યો વચ્ચે ઘનિષ્ઠ આત્મીયતાભર્યા સંબંધો હોય છે. કુટુંબના સભ્યોના સંબંધો સામાજિક અને જૈવિક બંને પ્રકારના છે. માતાપિતા અને તેમનાં સંતાનો વચ્ચે લોહીના જૈવિક સંબંધો છે. આ સંબંધો આજીવન ટકતા ચિરજીવી સંબંધો છે. સંતાનો મોટાં થાય, લગ્ન કરી, માબાપથી છૂટાં પડી પોતાનાં કુટુંબો રચે છે છતાં પણ માબાપ સાથેના લાગણીભર્યા અને ઘનિષ્ઠ સંબંધો ટકી રહે છે.

જૈવિક સંબંધોને કેન્દ્રમાં રાખી કુટુંબના સભ્યો વચ્ચે રચાયેલા સામાજિક સંબંધોના કારણે અન્ય માનવ-જૂથોની સરખામણીમાં કૌટુંબિક સંબંધો ચિરઃસ્થાયી છે તે કુટુંબની વિશિષ્ટતા છે.

## કુટુંબ એક સામાજિક સંસ્થા

માબાપ, સંતાનો અને અન્ય સગાઓનું બનેલું કુટુંબ એક સામાજિક સંસ્થા પણ છે. આ સંસ્થા કુટુંબના સભ્યોનાં હિતો સાચવવાનું કાર્ય પણ કરે છે. માતાપિતા અને સંતાનો વચ્ચેના સંબંધોથી ઊપસી આવતી રચના તરીકે કુટુંબ એક વ્યવસ્થા પણ છે. તેમાં પુષ્કળ વૈવિધ્ય પણ છે છતાં તે વ્યવસ્થા માનવસમાજમાં સાર્વત્રિક છે. પરિણામે કુટુંબને આપણે એક સામાજિક સંસ્થા કહી શકીએ છીએ.

## કુટુંબની રચના

કુટુંબોની રચનાનો પાયો લગ્ન છે. લગ્ન દ્વારા સ્ત્રી-પુરુષોના જાતીય સંબંધોને નિયંત્રિત કરાય છે અને એના ઉપર સામાજિક મંજૂરીની મહોર મરાય છે. લગ્નથી પુરુષને પતિનો અને સ્ત્રીને પત્નીનો દરજ્જો પ્રાપ્ત થાય છે. લગ્નથી જોડાયેલાં પતિ-પત્નીને એકબીજા સાથે જાતીય સંબંધ બાંધવાની સમાજમાન્ય છૂટ મળે છે. આ સંબંધથી ઉત્પન્ન થતાં બાળકોને એ દંપતીનાં સંતાનો તરીકેનો દરજ્જો અને હક્કો પ્રાપ્ત થાય છે. આ રીતે લગ્ન દ્વારા માતાપિતા અને સંતાનોના કુટુંબની રચના થાય છે. આમ, લગ્ન અને કુટુંબ માનવીના સામાજિક અને સાંસ્કૃતિક જીવનનાં અસ્તિત્વ અને સાતત્ય માટેની અત્યંત જરૂરી સંસ્થાઓ છે. સમગ્ર માનવ-સમાજના પાયારૂપ આ બે સંસ્થાઓ છે.

## કુટુંબના પ્રકાર

કુટુંબ માનવસમાજની સાર્વત્રિક સંસ્થા છે. માનવસમાજની વિવિધતાઓ, રહેઠાણ, વંશવેલા ગણવાની પદ્ધતિ, વારસાહક્ક અને કુટુંબના વ્યવહારોમાં પતિ અને પત્નીની અગત્ય તથા લાક્ષણિકતાઓ ઉપર કુટુંબનું વર્ગીકરણ કરવામાં આવે છે. આ વર્ગીકરણના આધારે માતૃપ્રધાન અને પિતૃપ્રધાન એમ કુટુંબના બે પ્રકાર પાડવામાં આવે છે.

## માતૃપ્રધાન કુટુંબ

માતૃપ્રધાન કુટુંબમાં માતા કેન્દ્રસ્થાને હોય છે. આ પ્રકારનાં કુટુંબોમાં સ્ત્રી લગ્ન કરીને પતિના ઘરે નથી જતી પરંતુ પોતાની માતાના કુટુંબમાં રહે છે. પુરુષ લગ્ન કરી પત્નીના પિયરમાં એટલે કે પોતાના સાસરે રહેવા જાય છે અથવા આવતોજતો રહે છે. સંતાનો પણ માતા સાથે જ રહે છે. પિતાનો માનવંતા મહેમાન જેવો દરજ્જો ભોગવે છે. કુટુંબનો વહેવાર માતાની આજ્ઞા પ્રમાણે ચાલે છે. વંશવેલો પણ માતાના નામે ઓળખાય છે. સંતાનો ઉપર માતાનો હક્ક હોય છે. સંતાનો પણ માતાનું નામ ધારણ કરે છે. આવા કુટુંબમાં

વારસાહક્ક પણ પુત્રીઓને પ્રાપ્ત થાય છે. પુત્રો પરણીને તેમના સાસરે રહેવા જાય છે. માતૃપ્રધાન કુટુંબમાં સ્ત્રીની સામાજિક સ્થિતિ પુરુષ કરતાં ચડિયાતી હોય છે. વિકાસવાદી સમાજશાસ્ત્રીઓના મત પ્રમાણે સમાજના શરૂઆતના વિકાસના તબક્કામાં માતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા હતી પણ હવે ધીરેધીરે પિતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા અસ્તિત્વમાં આવેલી જણાય છે.

માતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા વર્તમાન સમયમાં બહુ ઓછા પ્રમાણમાં અસ્તિત્વમાં છે. ભારતમાં મલબારના નાયર લોકોની 'તરવડ' નામે ઓળખાતી કુટુંબવ્યવસ્થા માતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા છે. નાયર જાતિની જેમ અરુણાચલ પ્રદેશમાં 'ગારો' સમુદાયમાં પણ મિલકતની વારસ દીકરી હોય છે. તેને પરણેલા પુરુષે પત્નીને ત્યાં રહેવા આવવું પડે છે. મિલકતનો અને કુટુંબનો વહીવટ સ્ત્રીઓ કરે છે. આ રીતે ગારો સમુદાયમાં પણ માતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા છે. મ્યાનમાર (બ્રહ્મદેશ) જેવા દેશોમાં માતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા છે.

### પિતૃપ્રધાન કુટુંબ

આખા સમાજમાં મોટા ભાગે પિતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા જોવા મળે છે. આ પ્રકારના કુટુંબમાં પિતા કેન્દ્રસ્થાને હોય છે. સ્ત્રી લગ્ન કરીને પતિના ઘરે આવે છે. બાળકોનો વંશ તેના પિતાના નામથી ઓળખાય છે. આ પ્રકારની કુટુંબવ્યવસ્થામાં પિતાની મિલકતનો વારસાહક પુત્રને પ્રાપ્ત થાય છે. 2005ની સાલમાં ભારતની સંસદે કાયદો કરીને પુત્રીને પિતાની મિલકતમાં વારસાહક આપ્યો છે પણ સામાજિક પ્રણાલિકાઓ પ્રમાણે પુત્રી મિલકતનો હક જતો કરે છે કારણ કે તે પરણીને સાસરે જાય છે ત્યાં તેના પતિને વારસાહક મળેલો હોય છે.

પિતૃપ્રધાન કુટુંબમાં કુટુંબનાં વહેવારિક કાર્યો કુટુંબના વડા પુરુષની આજ્ઞા અને સૂચનો પ્રમાણે ચાલે છે. કુટુંબનાં સામાજિક કાર્યો, ધાર્મિક કાર્યો, મિલકતો તથા અન્ય આર્થિક કાર્યો કુટુંબના વડા પુરુષની ઇચ્છા, આજ્ઞા અને આયોજન પ્રમાણે થાય છે. કુટુંબના સભ્યોનાં વર્તનવહેવાર અને પ્રવૃત્તિઓ ઉપર પણ કુટુંબના વડાનો પ્રભાવ અને અંકુશ રહે છે.

કુટુંબના સભ્યોને સોંપવાનાં કાર્યો પણ કુટુંબના વડા વહેંચે છે. સંતાનોનાં સગપણ અને લગ્ન પણ કુટુંબના વડાની પસંદગીનાં પાત્રો અને પરિવારોમાં થાય છે. શિક્ષિત પરિવારોમાં ભણેલાં સંતાનોને લગ્ન માટેનાં પાત્રો જોવાની અને મળવાની તક આપવાની શરૂઆત થઈ છે પણ તે સંબંધને માન્ય રાખવાની સત્તા કુટુંબના વડાના હાથમાં હોય છે. કુટુંબના વડા બાળકોના શિક્ષણની અને વ્યવસાયમાં સ્થિર કરવાની જવાબદારી ઉપાડે છે.

### સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ

આગળ ચર્ચા કરી તેમ કુટુંબ માનવસમાજનું નાનું પણ મહત્ત્વનું એકમ છે. કુટુંબમાં કેટલી પેઢીઓ સાથે રહે છે અને કુટુંબના સભ્યો કોણ છે તે આધારે કુટુંબના પ્રકારો સામાજિક વિજ્ઞાનીઓએ નક્કી કરેલા છે. આ પ્રકારો સંયુક્ત કુટુંબો અને વિભક્ત કુટુંબો એમ બે છે.

### સંયુક્ત કુટુંબ

સંયુક્ત કુટુંબ એ એવું કુટુંબ છે કે જેમાં દાદા-દાદી, માતાપિતા અને સંતાનો સાથે રહે છે. ક્યારેક આવા કુટુંબમાં ફોઈ કે દીકરી-બહેન અને તેમનાં સંતાનો પણ રહેતાં હોય છે. બધાં એક જ રસોડે જમે છે અને બધાં સાથે મળીને રહે છે. કુટુંબના વડા જે-જે આર્થિક પ્રવૃત્તિઓ જે-જે સભ્યોને સોંપે છે તે કામ કુટુંબના સભ્યો કરે છે.

ગામડાના ભારતીય સમાજમાં મોટા ભાગે ખેતી મુખ્ય અને પશુપાલન ગૌણ અથવા પશુપાલન મુખ્ય અને ખેતી ગૌણ એવા વ્યવસાયો કુટુંબ કરે છે. કુટુંબનો વ્યવસાય પશુપાલન હોય અને જુદી-જુદી જાતનાં પશુઓ હોય તો વડા જુદા-જુદા સભ્યોને જુદા-જુદા પશુઓની દેખભાળનું કામ સોંપે છે. કોઈને ગાયોની તો કોઈને ભેંસોની દેખભાળ સોંપે છે. કુટુંબના વડા કુટુંબના સભ્યોની ક્ષમતા અને રુચિને ધ્યાનમાં રાખીને શ્રમવિભાજન કરે છે. કોઈને ખેતીનાં કામો તો કોઈને પશુપાલનનાં કામો સોંપવામાં આવે છે. સ્ત્રીઓને મોટે ભાગે ઘરકામ, ખેતીનાં નાનાં-મોટાં કામો અને પશુઓની ગમાણો સાફ કરવી, છાણ ઉપાડવું, પશુઓ માટે ઘાસ લાવવું, પશુઓ દોહવાં અને દૂધ ડેરીમાં પહોંચાડવું વગેરે કામો સ્ત્રીઓ કરે છે. જો કોઈ સભ્ય ભણીને નોકરી કે વ્યવસાય કરતા હોય તોપણ બધાના કામમાંથી થતી આવક આખા પરિવારની સહિયારી ગણાય છે. કુટુંબના વડા કુટુંબના બધા સભ્યોની જરૂરિયાત પ્રમાણે કપડાં, ઘરેણાં, દરદાગીના કરાવવાનું અને બાળકોને ભણાવવાનું ખર્ચ કરે છે. સંયુક્ત પરિવારના બધા પુખ્ત સભ્યો પોતાની શક્તિ પ્રમાણે કામ કરે છે અને જીવનજરૂરિયાતો મેળવે છે. જુદા-જુદા સભ્યોના કામમાંથી ઓછી વધુ આવક થતી હોય તોપણ સંપત્તિ સૌની મજિયારી ગણાય છે અને સૌને સરખો હક્ક તેમજ ભાગ મળે છે.

કેટલાંક સંયુક્ત કુટુંબોમાં ત્રણ કે ચાર પેઢીઓ સાથે વસતી હોય છે. કુટુંબની સમૂહભાવના, આત્મીયતા, ગૌરવ અને લાગણીના બંધનથી સંયુક્ત કુટુંબ જોડાયેલું રહે છે. કુટુંબના વડાની આમન્યા પાળવાની અને આજ્ઞામાં રહેવાની પરંપરા સંયુક્ત કુટુંબનું ચાલક પરિબળ છે. કુટુંબના સભ્યો વચ્ચે અસંતોષ ઊભો થાય તોપણ સામાજિક પ્રતિષ્ઠા જાળવવાના ખ્યાલથી મોટું મન રાખી બધાં બાંધછોડ કરીને સાથે રહે છે. કુટુંબના વડાનો આદર જાળવવાના અને પોતાનાં ભાઈભાંડુઓ માટે ઘસાવાના સંસ્કાર સંયુક્ત કુટુંબમાં પેઢી દર પેઢીએ ઊતરી આવેલા હોય છે.

ખેતી અને પશુપાલન એમ બે ધંધામાં શ્રમવિભાજનની તકોના કારણે સંયુક્ત પરિવારમાં બધા સભ્યોને જુદાં જુદાં કાર્યો ફાળવવાની અનુકૂળતા હોય છે. ખેતીનો વ્યવસાય તો ઝાઝા માનવોની જરૂરિયાતવાળો છે. ખેતીનાં રોપણી, લણણી, કાપણી અને કપાસની વીણી જેવાં કામો ઝડપથી આટોપવા માટે એકસાથે ઘણા માણસોની જરૂર પડે છે. મોટા ખેડૂતપરિવારો માટે સંયુક્ત કુટુંબવ્યવસ્થા વ્યવસાયિક જરૂરિયાત છે.

સંયુક્ત કુટુંબમાં એક જ રસોડે બધા સભ્યો જમતા હોવાના કારણે ખર્ચમાં કરકસર થાય છે. સામાજિક ખર્ચાઓમાં પણ એક પરિવાર તરીકે વહેવાર કરવામાં આવતો હોવાથી ખર્ચ ઓછું થાય છે. ધાર્મિક અને ગામના જાહેર કામોના બાંધકામ માટેના ફંડફાળામાં પણ સંયુક્ત કુટુંબવ્યવસ્થામાં આખા પરિવાર વતી ફાળો અપાતો હોવાથી ફાયદો થાય છે.

### વિભક્ત કુટુંબ

આધુનિક સમયમાં સંયુક્ત કુટુંબો તૂટતાં જાય છે અને વિભક્ત કુટુંબો વધતાં જાય છે. વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની અને બાળકોનો સમાવેશ થાય છે. એક જ માતાપિતાના જેટલા પુત્રો હોય તે બધા પરણીને પોતાની પત્ની સાથે અલગ મકાનમાં રહેતા હોય છે. પિતાની મિલકત પણ બધાને સરખે ભાગે વહેંચી આપવામાં આવે છે. સૌ પોતપોતાના ધંધામાં સ્વતંત્ર હોય છે. સૌને પોતપોતાના ધંધા-વ્યવસાયમાંથી જે આવક હોય છે તે પણ તેની માલિકીની બને છે. બીજા ભાઈઓનો તેમાં કોઈ હક્ક-હિસ્સો નથી હોતો.

વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની અને બાળકો એકલાં રહેતાં હોવાથી તેમને વિશેષ સ્વતંત્રતા મળી રહે છે. કુટુંબનાં વડીલોની મર્યાદા કે આજ્ઞા પાળવાનો સવાલ ન હોવાથી જીવન પોતાની રીતે જીવવાની સ્વતંત્રતા રહે છે. વિભક્ત કુટુંબમાં બાળકો સીધાં તેમનાં માતાપિતાની નજર નીચે ઊછરે છે.

વિભક્ત કુટુંબમાં ખેતીવ્યવસાયમાં ઋતુએ ઋતુએ વધારે માણસોની જરૂરિયાતના પ્રસંગે મુશ્કેલી પડે છે. સમયસર ચાલુ પાકનું કામ પૂરું કરવા માટે મજૂરોની જરૂર પડે છે. જો સમયસર મજૂરો ન મળી રહે તો નવા પાકોની વાવણીમાં મોડા પડવાથી આવક ઘટે છે.

સામાજિક ખર્ચાઓ પણ દરેક કુટુંબે અલગ-અલગ કરવા પડે છે. સરવાળે ખર્ચ વધે છે. સામાજિક-વિકાસકાર્યો માટે અને ધર્માદા ફંડોમાં દરેક કુટુંબે જુદો-જુદો ફાળો આપવો પડે છે. બધા ભાઈઓની આર્થિક સ્થિતિ સરખી ન હોય તોપણ સામાજિક સમાનતા જાળવી રાખવા ઘસારો સરખો વેઠવો પડે છે.

વિભક્ત પરિવારો માંદગીના પ્રસંગે અગવડમાં મુકાય છે. માંદા પતિની સારવારમાં પત્ની રોકાય ત્યારે બાળકોની સંભાળ રાખવાના કામમાં, ધંધાનાં કામોમાં અને ઘરનાં કામોમાં ખૂબ અવ્યવસ્થા ઊભી થાય છે. આવા સંજોગોમાં એકલતા અને અસહાયતાનો અનુભવ થાય છે. ભારતનાં હિંદુ પરિવારોનાં વિભક્ત કુટુંબ રચાયા પછી પણ બૃહદ્ પરિવારભાવના જીવંત હોવાથી પતિ-પત્નીના બંને પક્ષનાં સગાંસંબંધીઓ મદદમાં આવે છે પણ માંદગી લંબાય અને સારવાર ખર્ચાળ હોય તો કુટુંબની આર્થિક હાલત કથળી જાય છે.

અમે બે અને અમારાં બેના વર્તમાન સમયમાં વિભક્ત કુટુંબ માત્ર ચાર સભ્યોનું જ હોય છે. જો એક જ સંતાન હોય તો ત્રણ સભ્યો કુટુંબમાં હોય છે. જો દંપતી નિઃસંતાન હોય તો પતિ-પત્ની બે જ સભ્યો કુટુંબમાં હોય છે. આવી પરિસ્થિતિ બાળકોના સામાજિકીકરણ માટે અસંતોષકારક છે. નિઃસંતાન દંપતીઓ વૃદ્ધાવસ્થામાં ખૂબ એકલતાનો અનુભવ કરે છે અને બેમાંથી એકના મૃત્યુથી માત્ર એક જ જણ પાછળ રહે છે તેની સ્થિતિ દયાપાત્ર બને છે. એમાં પણ જો પુરુષ મોટી ઉંમરે વિધુર થયેલો હોય તો તેનું જીવન અસહ્ય બની જાય છે. પુરુષો મોટા ભાગે ઘરનાં કામો અને રસોઈકામ, વાસણસફાઈ નથી કરતા હોતા. આવા પુરુષો વૃદ્ધાવસ્થામાં વિધુર થાય તો તેમને જીવનવ્યવહાર ચલાવવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે. તેમને પોતાના ભાઈના કે બહેનના પરિવારમાં અથવા વૃદ્ધાશ્રમમાં જવાની ફરજ પડે છે.

વિભક્ત કુટુંબની યુવાન સ્ત્રી એક બે બાળકો હોય અને વિધવા થાય અને તેના કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોય તો તેણીને મજૂરી કરીને પેટે પાટા બાંધીને જીવવું પડે છે. આવી સ્થિતિમાં તેના પિયર કે સાસરાપક્ષ તરફથી સાથસહકાર ન મળે તો ગરીબ યુવાન વિધવા લોકોના ઘરનાં કામો કરીને જીવે છે. એવા સંજોગોમાં આવી વિધવાઓ ક્યારેક અસામાજિક ધંધાઓ કે દેહવિક્રયનો ધંધો કરે છે. તેનાં બાળકો પણ અસામાજિક બને છે અને પોતે અને સમાજ અધોગતિના માર્ગે જાય છે.

વિભક્ત કુટુંબ આર્થિક રીતે સક્ષમ હોય અને પતિ-પત્ની બાળકોને પુખ્ત ઉંમર સુધી ભણાવી સારા સંસ્કારો આપી ઉછેરે તો બાળકોનો વિકાસ સારો થાય છે. નાના કુટુંબમાં બાળકોની બધી સગવડો જળવાય છે અને તેમના પર માબાપની દેખરેખ સારી રીતે રહી શકે છે. માતાપિતાનો પ્રેમ બાળઉછેર માટે વધારે અનુકૂળ રહે છે.

વિભક્ત કુટુંબનાં બાળકો એકાંગી અને સ્વાર્થી એકલપંડાં ન બની જાય તે માટે માતાપિતાએ તેમને બૃહદ્ પરિવારોના સભ્યો સાથે હળવામળવાના પ્રસંગો ગોઠવવા જોઈએ. કાકા, મામા કે માસા વગેરેનાં પરિવારોમાં બાળકોને થોડા થોડા દિવસ રહેવા મોકલવાં જોઈએ. બૃહદ્ પરિવારના સમૂહમિલન જેવા સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં બાળકો સહિત જોડાવું જોઈએ. આમ કરવાથી તેમનું પરિચયવર્તુળ વિશાળ બને અને અન્ય વ્યક્તિઓ સાથે સામાજિક ક્રિયા કરીને સામાજિક સંબંધો બાંધવાની તક મળે. આ રીતે બંધાયેલા સામાજિક સંબંધો વિકસાવવા અને ટકાવી રાખવામાં વિભક્ત કુટુંબનાં માતાપિતાએ બાળકોને ખાસ મદદ કરવી જેથી તેમનો સામાજિક વિકાસ તંદુરસ્ત થાય અને પુખ્ત વયે તેમને અન્ય વ્યક્તિઓ સાથે અનુકૂલન સાધતાં આવડે.

વિભક્ત કુટુંબોની સંખ્યા વધી રહી છે : સંયુક્ત કુટુંબના લાભો જતા કરીને પણ વર્તમાન સમયમાં વિભક્ત કુટુંબોની સંખ્યા વધી રહી છે તેનાં કારણો સામાજિક વિજ્ઞાનના અભ્યાસીઓ માટે રસનો વિષય છે. જુદા જુદા અભ્યાસો અને સમાજના પ્રત્યક્ષ અવલોકનોના આધારે પ્રતીત થાય છે કે વિભક્ત કુટુંબોની સંખ્યા વધી રહી છે. તેનાં મુખ્ય કારણો નીચે પ્રમાણે છે :

**(1) વર્તમાન શિક્ષણપદ્ધતિ :**

ભારતની વર્તમાન શિક્ષણપદ્ધતિ નોકરીલક્ષી છે. ભારતનાં ગામડાંના યુવાનો આ શિક્ષણ લઈને નોકરી શોધે છે. તેમને નોકરી પોતાના ગામ અને પરિવારથી દૂરના સ્થળે મળે છે. આવા યુવાનો લગ્ન કરીને પોતાની પત્ની સાથે નોકરીના સ્થળે રહેવા જાય છે. ત્યાં ફરજિયાત તેમનું કુટુંબજીવન વિભક્ત કુટુંબવ્યવસ્થા પ્રમાણે ગોઠવાય છે. માતાપિતા કે અન્ય ભાઈભાંડું ગામડાનો પોતાનો વ્યવસાય છોડીને બંને પક્ષોની સંયુક્ત કુટુંબમાં રહેવાની ઈચ્છા અને ભાવના હોય તોપણ તે શક્ય બનતું નથી એટલે નોકરિયાત યુવાનનું કુટુંબ વિભક્ત કુટુંબ બની જાય છે.

**(2) પશ્ચિમની જીવનપદ્ધતિની અસર :**

ભારતની શિક્ષણપદ્ધતિ પર પશ્ચિમની સંસ્કૃતિની ઘણી અસર છે. પશ્ચિમની સંસ્કૃતિમાં વ્યક્તિ-સ્વાતંત્ર્યનો વિચાર દૃઢ થયેલો છે. તેની અસર ભારતનાં ભણેલાં યુવા-યુવતી ઉપર પણ છે. એટલે નવપરિણિત શિક્ષિત યુગલો સંયુક્ત પરિવારમાં તેમનાં વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર અંકુશ આવે છે તે સહન કરી શકતાં નથી. તેથી શક્ય તેટલાં વહેલાં સંયુક્ત કુટુંબથી અલગ થઈ પોતાનું સ્વતંત્ર એવું વિભક્ત કુટુંબજીવન જીવવાના પ્રયાસ તરીકે વિભક્ત કુટુંબવ્યવસ્થા માટે વડીલોને સંમત કે મજબૂર કરે છે.

**(3) આર્થિક પરિવર્તન :**

ભારતમાં આઝાદી પછી ઝડપી આર્થિક પરિવર્તન આવી રહ્યું છે. ગામડાના ગ્રામોદ્યોગો અને ગૃહઉદ્યોગો તૂટી ગયા છે. આ ઉદ્યોગો તૂટવાથી બેકાર બનેલા કારીગરવર્ગના યુવાનો ધંધાની શોધમાં શહેરોમાં જઈ રહ્યા છે. આવા યુવાનો ઘરડાં માબાપને ગામડામાં છોડીને પોતાની પત્નીઓ અને બાળકો સાથે શહેરમાં વસે છે. ત્યાં તેમની કુટુંબવ્યવસ્થા વિભક્ત કુટુંબ બની રહે છે.

**(4) જનસંખ્યા :**

ગામડાનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. જનસંખ્યામાં છેલ્લાં પચાસ વર્ષમાં ઘણો વધારો થયો છે. વધેલી જનસંખ્યાનો આર્થિક ભાર ઉપાડવા ખેતીની મર્યાદા આવી ગઈ છે. એટલે જમીનના ટુકડા થવાથી ઓછી જમીનવાળા ખેડૂતયુવાનો પણ અન્ય વ્યવસાયોની શોધમાં શહેરમાં ગયા છે. જે થોડી જમીન કે પશુઓ ગામડામાં રહેતા માબાપ કે બીજા ભાઈઓને સોંપીને સંયુક્ત કુટુંબ છોડીને શહેરમાં પોતાના અલગ પરિવારોમાં વસી રહ્યા છે.

**(5) કુદરતી આપત્તિઓ :**

ગામડાનો આધાર ખેતી-પશુપાલન છે. ગામડાની ખેતી મોટા ભાગે આકાશિયા ખેતી છે. પાંચ વર્ષમાં ત્રણ વર્ષ દુષ્કાળ કે અછતનાં આવે છે. એકાદ વર્ષ અતિવૃષ્ટિનું આવે છે. આ કુદરતી આપત્તિઓ ગામડાની આર્થિક બેહાલી સર્જે છે. તેથી ગામડાના ગરીબ યુવાનો રોજગારીની શોધમાં શહેરોમાં જાય છે. ત્યાં તેમને નાનાં મકાનો કે ઝૂંપડપટ્ટીમાં રહેવાનું થાય છે. એટલે આપોઆપ તેમનાં પરિવારો વિભક્ત થઈ જાય છે.

**(6) શહેરો તરફની અભિમુખતા :**

ગ્રામસમાજના શિક્ષિત અને અર્ધશિક્ષિત માણસોની નજર શહેરો તરફ વળી છે. બે કારણોથી આમ બની રહ્યું છે. ગામડામાં રહેનારા મોટા ખેડૂતપરિવારો કરતાં શહેરોમાં જઈને વસેલા કેટલાક ગ્રામપરિવારના

માણસો ટૂંક સમયમાં નવા વ્યવસાયોમાં ગોઠવાઈને આર્થિક રીતે સદ્ધર થયા છે. એટલે પરિવારના આર્થિક વિકાસ માટે સંયુક્ત પરિવારના વડીલો પોતાના યુવાન પુત્રોને શહેરોમાં મોકલે છે આથી ત્યાં તેમનાં વિભક્ત કુટુંબો રચાય છે.

**(7) સામાજિક દરજ્જો :**

ભાવિ પેઢીનાં બાળકોના સગપણ માટે સામાજિક દરજ્જો મહત્ત્વનો છે. કેટલીક જ્ઞાતિઓમાં શહેરોમાં વસવાટ સારી સુખ-સગવડ માટે મહત્ત્વની બાબત ગણાવા લાગી. સુખી અને સમૃદ્ધ ખેડૂત જો ગામડામાં વસતો હોય તો તેના પુત્રનું જલદીથી સગપણ થતું નથી એવો અનુભવ ઘણી વ્યક્તિઓને થઈ રહ્યો છે. એટલે માબાપ પોતે કષ્ટ વેઠીને ગામડામાં રહીને પણ પોતાના યુવાન પુત્રોને શહેરી જીવનનો મોભો પ્રાપ્ત કરવાના આશયથી શહેરોમાં મોકલે છે. શહેરોમાં આવીને વસતા યુવાનો સહજ રીતે વિભક્ત કુટુંબવ્યવસ્થાનો સ્વીકાર કરે છે.

**(8) શહેરોનો ઝડપી આર્થિક વિકાસ :**

ગામડાના દીર્ઘદૃષ્ટા પુરુષો આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખીને કસબા, નગરો અને તાલુકામથકનાં શહેરોમાં વસવા લાગ્યા. પણ તે કરતાં જિલ્લામથકનાં શહેરો અને અમદાવાદ, સુરત, મુંબઈ જેવાં મહાનગરોના ઉદ્યોગો વ્યવસાયોની ઝડપી આર્થિક પ્રગતિ થઈ. નવાનવા વિવિધ ઉદ્યોગોના વિકાસ માટે મોટાં નગરોમાં ઘણી અનુકૂળતાઓ હોવાથી મહાનગરો તરફ યુવાન સાહસિકો વળ્યા. આ બધા ધંધામાં ગોઠવાયા એટલે પોતાના પરિવારોને સાથે શહેરોમાં લઈ ગયા. ત્યાં આ બધાં કુટુંબો મોટા ભાગે વિભક્ત પ્રકારની કુટુંબવ્યવસ્થામાં ગોઠવાઈ ગયાં છે.

**(9) પરદેશમાં વસવાટ :**

ગુજરાતમાં અને આપણા દેશમાંથી ઘણા યુવાનો અભ્યાસ અને વ્યવસાય માટે વિશ્વના અન્ય દેશોમાં ગયા અને સારા ધંધા નોકરીઓમાં ગોઠવાયા એટલે ત્યાંના નાગરિકો બની કાયમ વસવાટ કર્યો. અમેરિકા, કૅનેડા, ઇંગ્લૅંડ, ફ્રાન્સ, ઑસ્ટ્રેલિયા, મલાયા, સિંગાપુર, જાપાન અને કેટલાક આફ્રિકન દેશો તથા આરબ દેશોમાં લાખો યુવાનો વસી રહ્યા છે. આ પ્રવાહ હજુ ચાલુ છે. આ બધા યુવાનો પોતાનાં માતાપિતા અને ભાઈ-બહેનોને અહીં છોડીને સંયુક્ત કુટુંબમાંથી છૂટા થઈને ત્યાં વિભક્ત પરિવારોમાં વસે છે.

ઉપરોક્ત વિવિધ કારણોસર વિભક્ત કુટુંબોની સંખ્યામાં ઝડપથી ઘણો વધારો થઈ રહ્યો છે.

### સંયુક્ત કુટુંબના લાભાલાભ

**સંયુક્ત કુટુંબના ફાયદા :**

સંયુક્ત કુટુંબમાં દાદા-દાદી અને પુત્રોની પત્નીઓ અને સંતાનો સાથે રહેતાં હોય છે. તેથી સંયુક્ત પરિવારના સભ્યોની સંખ્યા વધારે હોય છે. તેના ઘણા ફાયદા છે તે નીચે પ્રમાણે છે :

**(1) અનુભવનો લાભ :**

સંયુક્ત પરિવારમાં વડીલોના લાંબા અનુભવનો લાભ મળે છે. ધંધાનાં જ્ઞાન અને કૌશલ્યો પેઢી દર પેઢી ઊતરી આવતાં હોય છે. અનુભવી વડીલોના માર્ગદર્શનનો લાભ વ્યવસાય ઉપરાંત સામાજિંક કાર્યોમાં પણ મળે છે. ત્રીજી પેઢીના છોકરા-છોકરીઓનાં સગપણ-વિવાહ જેવી અગત્યની બાબતમાં કયા ગામના કયા પરિવાર સાથે સંબંધ કરવો તેનું માર્ગદર્શન અને સલાહ વડીલો તરફથી મળે છે. ધંધાકીય સામાજિક અને આર્થિક સમસ્યાના ઉકેલમાં પણ વડીલોનું કીમતી માર્ગદર્શન મળે છે. જીવનમાં ક્યારેક જાતજાતની આપત્તિઓ આવી પડતી હોય છે. આપત્તિઓના સમયે વડીલોની હૂંફ મળી રહે છે.

(2) સૌનો નિભાવ :

સંયુક્ત કુટુંબમાં બધા સભ્યો સરખા કાબેલ અને હોશિયાર નથી હોતા. કોઈ સભ્ય શારીરિક ખોડખાંપણવાળો હોય તો કોઈની બૌદ્ધિક કક્ષા સાધારણ હોય, તો કોઈ વિધવા હોય એવું બને છે. આવી પરિસ્થિતિમાં કુટુંબના વ્યવસાયોમાં સૌને પોતાની ક્ષમતા પ્રમાણે કામ મળે છે. છતાં આખા પરિવારની આવક તો સંયુક્ત જ ગણાય છે. તેમાં બધા સભ્યોનો હક-હિસ્સો સરખો હોય છે તેથી સૌનો નિભાવ સમાન ધોરણે થાય છે. અશક્ત, ઓછી આવડતવાળાં કે વિધવાનાં સંતાનોને પણ સમાન સગવડો મળે છે.

(3) આર્થિક વિકાસ :

સંયુક્ત પરિવારમાં સૌ એક જ રસોડે જમે છે. પરિવારના બધા સભ્યોની જરૂરિયાતો કુટુંબના વડા દ્વારા પૂરી પાડવામાં આવે છે એટલે પરિવારનો નિભાવખર્ચ ઓછો આવે છે. કુટુંબમાં ઘણા સભ્યો હોય છે. ઝાઝા હાથ રળિયામણા એ પ્રમાણે પરિવારના બધા સભ્યોના પુરુષાર્થથી વધારે ઉત્પાદન મેળવી શકાય છે. વિવિધ ઉત્પાદક કાર્યોમાં કુટુંબના સભ્યોને જોડાવાની અનુકૂળતા પણ હોય છે એટલે કુટુંબની આવક વધે છે અને તેથી કુટુંબનો આર્થિક વિકાસ થાય છે.

(4) બાળકોના ઉછેરમાં લાભ :

બાળકોના ઉછેર અને દેખભાળમાં કુટુંબના વૃદ્ધ અને અનુભવી દાદા-દાદી વગેરે સભ્યો મદદ કરે છે. એટલે યુવાન સ્ત્રી-પુરુષો પોતાના વ્યવસાયમાં સારી રીતે કામ કરી શકે છે. તેમને બાળકોના ઉછેર અને દેખભાળ માટે સમય ફાળવવો પડતો નથી.

સંયુક્ત પરિવારમાં એકીસાથે ઘણાં બાળકો ઊછરતાં હોય છે. તે સૌને આત્મીયતાભર્યું સમૂહજીવન મળે છે. બાળકોને બાળકો-બાળકો વચ્ચે અને બાળકો તથા પુખ્ત ઉંમરના સભ્યો વચ્ચે આંતરક્રિયા કરવાની વિશાળ તકો મળે છે અને તે રીતે સામાજિક સંબંધો બાંધવાની અને વિકસાવવાની તક મળે છે.

સવાર-સાંજ બાળકોને કુટુંબના વડીલો દાદા-દાદીનું સાંનિધ્ય મળે છે. તેમની સાથેના વાર્તાલાપમાંથી અને વાર્તાઓમાંથી બાળકોને જીવનના અનુભવોનું નવનીત પ્રાપ્ત થાય છે.

મોટા સમૂહમાં ઊછરતાં સંયુક્ત પરિવારનાં બાળકોમાં સમૂહભાવનાનો વિકાસ સારી રીતે થાય છે. તેઓ નાનપણથી આત્મીયતાનો ભાવ કેળવે છે. એકબીજા સાથે અનુકૂલન સાધતાં શીખે છે.

સંયુક્ત પરિવારમાં બાળકોને વડીલોની સેવા, સુશ્રુત કરવાની અને આદરમાન આપવાની ટેવ પણ પડે છે. અવારનવાર આવતા મહેમાનોનું સ્વાગત અને સરભરાના સંસ્કારો મળે છે.

મોટા પરિવારોમાં ઘણા સભ્યો હોય છે. તે બધામાં વ્યક્તિગત તફાવતો પણ હોય છે. તેમની શક્તિઓ અને ભિન્નતાઓનો લાભ પણ ઊછરતાં બાળકોને મળે છે અને તેમાંથી તેમનામાં પોતાની વિશિષ્ટતાઓ ઓળખીને તેને વિકસાવવાની આવડત કેળવાય છે.

**સંયુક્ત પરિવારની પ્રતિષ્ઠા અને ગૌરવનો લાભ**

સંયુક્ત પરિવારમાં ઘણા સભ્યો સંપીને રહે છે તેથી તે પરિવારને સમાજમાં પ્રતિષ્ઠા મળે છે. આવા પરિવારોના સભ્ય હોવાનું ગૌરવ પરિવારના સભ્યોને પ્રાપ્ત થાય છે. આ પ્રતિષ્ઠા અને ગૌરવના કારણે પરિવારના સભ્યો સ્વઅનુશાસનમાં રહે છે. પરિવારની પ્રતિષ્ઠા ઓછી થાય કે ગૌરવભંગ થાય એવી ભૂલો કરવામાંથી સભ્યો જાગૃતિપૂર્વક બચે છે.

પરિવારની પ્રતિષ્ઠાનો લાભ સારાં કુટુંબો સાથે સામાજિક સંબંધો બાંધવા માટે મળી રહે છે.

**ઘસાઈને ઊજળાં થવાની તક**

સંયુક્ત પરિવારના સભ્યોને બીજા માટે ઘસાવાની અને એકબીજા માટે ત્યાગ કરવાની ઘણી તકો મળે છે, તેના કારણે તેમના માનવીય ગુણો વિકસતા જાય છે. માનવતાનો વિકાસ માનવજીવનને સાર્થક કરે છે. પરિવાર માટે ઘસાવાના સંસ્કારોના વિકાસથી ગોત્ર, ગામ અને દેશ માટે પણ ત્યાગ અને બલિદાનની ભાવના વિકસે છે.

**સંયુક્ત કુટુંબના ગેરલાભો**

સંયુક્ત કુટુંબમાં લાભ છે એમ ગેરલાભ પણ છે. કુટુંબની કેટલીક રૂઢિગત માન્યતાઓ અને પરંપરાઓ, પ્રણાલિકાઓ વિકસતા સમાજ સાથે કદમ મિલાવી શકતી ન હોય ત્યારે નીચેના જેવા ગેરલાભો પણ થાય છે :

**(1) વિશિષ્ટ વ્યક્તિનો વિકાસ રૂંધાય છે :**

સંયુક્ત પરિવાર વડીલશાહી છે. વડીલો તેમની પરંપરાગત માન્યતાઓ અને રૂઢિઓથી બદ્ધ હોય છે. તેઓ નવા વિચારો અને દૃષ્ટિબિંદુઓનો સ્વીકાર કરી શકતા નથી. પોતાના અહંના અંધકારમાં પોતાના પરિવારની વિશિષ્ટ વ્યક્તિને ઓળખી શકે નહિ ત્યારે પોતાની માન્યતા પ્રમાણે જીવન જીવવાની અને આર્થિક પ્રવૃત્તિઓ કરવાની ફરજ પાડે છે ત્યારે હોનહાર બાળકોનો વિકાસ રૂંધાઈ જાય છે.

**(2) સંયુક્ત પરિવારમાં ગૂંગળામણ થાય છે :**

આપણો સમાજ પુરુષપ્રધાન છે. સંયુક્ત પરિવારના વડા પુરુષ પોતાનાં આજ્ઞા અને આદેશોનું પાલન થાય એવો મત ધરાવતા હોય છે ત્યારે અન્ય સભ્યોનાં સૂચનો અને સુઝાવોનો સ્વીકાર કરતા નથી. પરિવારના બધા સભ્યોએ આર્થિક, સામાજિક અને વ્યક્તિગત જીવનમાં વડીલોના વિચારો પ્રમાણે જીવવું પડે છે ત્યારે પરિવારના સભ્યોને ગૂંગળામણ થાય છે.

**(3) પરિવારની સ્ત્રીઓની સ્થિતિ દુ:ખદ હોય છે :**

સંયુક્ત પરિવારનાં વડાં દાદા-દાદી પરિવારની વહુવારુઓ પર ખૂબ અંકુશ રાખે છે. તેમને સોંપવામાં આવતાં કામો પૂરાં કરવા બાબત તેમના ઉપર ખૂબ દબાણ કરવામાં આવે છે. ઘરકામ ઉપરાંત ખેતી અને પશુપાલનનાં કામોમાં પણ તેઓએ ઘણો શ્રમ કરવો પડે છે, તેમને થાક લાગતો હોય તેની જાણે સાસુને કલ્પના જ ન હોય તેવી રીતે તે વર્તે છે. ''અમે તમારા જેવડા હતા ત્યારે આમ કામ કરતા અને આવી ઝડપથી કરતા તમે તો ટાઢા પથરા જેવા છો.'' તેવાં મહેણાંટોણાં મારીને વહુવારુઓને દુ:ખી કરે છે.

ભણેલી વહુઓ હોય અને પડદાના રિવાજમાં માનતી ન હોય તોપણ ફરજિયાત લાજ કાઢવી પડે છે. કમનસીબે કોઈ પુત્રવધૂ યુવાનવયે વિધવા થાય તો તેને ઓશિયાળું જીવન જીવવું પડે છે. જો કોઈને સંતાન ન થાય તો તે માટે તેનો પતિ જવાબદાર છે કે નહિ એવી મેડિકલ તપાસ કરાવ્યા વગર સ્ત્રીને જ જવાબદાર માની કેટલાંક કુટુંબોમાં તેને વાંઝિયામહેણાં સાંભળવાં પડે છે.

**(4) દહેજ માટે દુ:ખ આપે છે :**

સંયુક્ત પરિવારમાં સાસુ-નણંદો, જેઠાણીઓ, દેરાણીઓ મળી મોટો સ્ત્રીસમુદાય સાથે વસે છે. કઈ વહુ પિયરથી કેટલું દહેજ લાવી તેની સરખામણી થાય છે. ઓછું દહેજ લાવી હોય તેવી વહુને બાકીનો સ્ત્રીવર્ગ સતત મહેણાંટોણાં મારીને દુ:ખી કરે છે.

સાસુમા કે નણંદો ક્યારેક ઓછું દહેજ લાવનાર સ્ત્રીના પતિને ઉશ્કેરીને મારઝૂડ કરાવે છે. તેને પિયર જઈ અમુક વસ્તુઓ લઈ આવવાના આદેશો કરે છે. દહેજ પ્રતિબંધક ધારો હોવા છતાં પણ દહેજના કારણે ઘણી કોડભરી યુવતીઓ અકાળે જીવન ટૂંકાવવા મજબૂર બને છે. પરિવાર જેમ મોટો તેમ દહેજની સરખામણીની તકો વધારે હોય છે અને મહેણાં મારનારી સ્ત્રીઓની સંખ્યા પણ વધારે હોય છે.

## સ્વાધ્યાય

**1.** પ્રશ્નના નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો :

(1) કુટુંબના સભ્યો વચ્ચેના સંબંધો કેવા છે ? ☐

(1) અવૈધિક (3) વૈધિક

(2) જૈવિક (4) અજૈવિક

(2) કુટુંબરચનાનો પાયો શું છે ? ☐

(1) જન્મ (3) લગ્ન

(2) મરણ (4) છૂટાછેડા

(3) કયા કુટુંબમાં પુરુષ પરણીને સાસરે જાય છે? ☐

(1) પિતૃપ્રધાન કુટુંબ (3) માતૃપ્રધાન કુટુંબ

(2) આદિવાસી કુટુંબ (4) ક્ષત્રિય કુટુંબ

(4) કયા પ્રકારનાં કુટુંબો વધતાં જાય છે ? ☐

(1) સંયુક્ત કુટુંબો (3) માતૃપ્રધાન કુટુંબો

(2) વિભક્ત કુટુંબો (4) પિતૃપ્રધાન કુટુંબો

**2.** દરેક પ્રશ્નનો જવાબ અગત્યના બે મુદ્દાઓ ધ્યાનમાં રાખી ચારથી પાંચ લીટીમાં લખો :

(1) કુટુંબના કેટલા પ્રકાર છે ? કયા કયા?

(2) સંયુક્ત પરિવારના બે લાભ જણાવો.

(3) વિભક્ત પરિવારના બે ગેરલાભની ચર્ચા કરો.

(4) વિભક્ત કુટુંબના સભ્યોમાં કોનો કોનો સમાવેશ થાય છે તે જણાવો અને કોનો નથી થતો તે લખો ?

(5) સંયુક્ત કુટુંબમાં સ્ત્રીઓના જાતીય શોષણનાં ભયસ્થાનો જણાવો.

**3.** નીચેના પ્રશ્નોના જવાબો છથી આઠ જ લીટીમાં મુદ્દાસર લખો :

(1) કુટુંબસંસ્થાની રચના કઈ રીતે થાય છે ?

(2) પિતૃપ્રધાન કુટુંબમાં કેન્દ્રસ્થાને કોણ હોય છે ? તેનાં બે કારણો જણાવો.

(3) વિભક્ત કુટુંબો વધી રહ્યાં છે તેનાં ત્રણ કારણો લખો.

(4) શહેરો તરફની અભિમુખતા એટલે શું ? તેનાં બે પરિણામો જણાવો.

**4.** નીચેના પ્રશ્નોના મુદ્દાસર આઠથી દસ લીટીમાં જવાબ લખો :

(1) શહેરી વસવાટની સામાજિક દરજ્જા પર શી અસર પડે છે ? સામાજિક સંબંધો પર તેનો પ્રભાવ જણાવો.

(2) "સંયુક્ત પરિવારમાં સૌનો નિભાવ" આ બાબત ચાર ઉદાહરણો આપી સમજાવો.

(3) પશ્ચિમી જીવનપદ્ધતિની સંયુક્ત કુટુંબવ્યવસ્થા પર કઈ-કઈ અસરો પડી રહી છે તે લખો.

(4) વર્તમાન શિક્ષણપદ્ધતિ કઈ રીતે વિભક્ત કુટુંબોની સંખ્યા વધારી રહી છે તે લખો.

## પ્રવૃત્તિઓ

(1) તમારા વર્ગના વિદ્યાર્થીઓમાંથી કેટલાનાં કુટુંબો સંયુક્ત છે કે વિભક્ત છે તેની નોંધ કરો.

(2) સંયુક્ત કુટુંબના લાભાલાભ પર ચર્ચાસભા ગોઠવો.

●